દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૧૧ જુલાઈ, ૨૦૨૬

# 2050 સુધીમાં કેન્સરના કેસોમાં 70 ટકાનો વધારો થશે તેવી WHOની આગાહી ચિંતાજનક

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલો અહેવાલ માત્ર ચોંકાવનારો નથી, પરંતુ સમગ્ર માનવજાત માટે એક ગંભીર ચેતવણી સમાન છે. અહેવાલમાં જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૫૦ સુધીમાં વિશ્વમાં કેન્સરના કેસોમાં ૭૦ ટકા જેટલો જંગી વધારો થવાની આશંકા છે, જેના કારણે અંદાજે ૩૫ મિલિયન (૩.૫ કરોડ) લોકો આ જીવલેણ રોગની ચપેટમાં આવી શકે છે. આ આંકડા આપણને એ વિચારવા મજબૂર કરે છે કે આપણે કેવા પ્રકારના ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છીએ. કેન્સરને જો 'ટાઇમ બોમ્બ' તરીકે ઓળખાવવામાં આવે, તો અતિશયોક્તિ નથી, કારણ કે જો સમય રહેતા આ દિશામાં નક્કર પગલાં લેવામાં નહીં આવે, તો આ બોમ્બ લાખો પરિવારોને આર્થિક અને માનસિક રીતે બરબાદ કરી દેશે.

આજે વિજ્ઞાન અને તબીબી ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ છે, તેમ છતાં કેન્સર જેવા રોગોનું પ્રમાણ સતત વધી રહ્યું છે. નિષ્ણાતોના મતે, આ પાછળ કોઈ એક પરિબળ નહીં, પરંતુ આપણી કથળતી જીવનશૈલી અને પર્યાવરણીય પ્રદૂષણ મુખ્ય ગુનેગાર છે. આધુનિક યુગમાં શારીરિક શ્રમનું પ્રમાણ નહિવત થઈ ગયું છે. ઘરથી લઈને ઓફિસ સુધી માણસ ચાર દીવાલોની વચ્ચે અને મોબાઈલ, લેપટોપ સામે કેદ થઈ ગયો છે. બાળકોમાં પણ મેદાની રમતોનું સ્થાન વિડીયો ગેમ્સે લઈ લીધું છે, જે સ્થૂળતા અને અન્ય રોગોને આમંત્રણ આપે છે. આપણે જે ખોરાક લઈ રહ્યા છીએ તેમાં પ્રિઝર્વેટિવ્સ, આર્ટિફિશિયલ કલર્સ અને હાનિકારક કેમિકલ્સનું પ્રમાણ ચિંતાજનક હદે વધ્યું છે. ફાસ્ટ ફૂડ અને પ્રોસેસ્ડ ફૂડનો અતિરેક શરીરના કોષોને નુકસાન પહોંચાડે છે. હવામાં ઓગળતું ઝેર, કેમિકલયુક્ત પાણી અને વૈશ્વિક તાપમાનમાં થઈ રહેલો વધારો પણ કેન્સરના કોષોને સક્રિય કરવામાં ઘી હોમવાનું કામ કરે છે. અજાણતા જ આપણે એવા વાતાવરણમાં શ્વાસ લઈ રહ્યા છીએ જે આપણને બીમાર કરી રહ્યું છે.

આ ભયાનક ચિત્રની વચ્ચે સૌથી મોટું આશાનું કિરણ એ છે કે, કેન્સર અસાધ્ય નથી. જો તેનું વહેલાસર નિદાન થઈ જાય. તબીબોના મતે, જો શરૂઆતના તબક્કામાં જ રોગની ઓળખ થઈ જાય, તો તેને સંપૂર્ણપણે મટાડી શકાય છે અને દર્દીનું જીવન બચાવી શકાય છે. ખાસ કરીને મહિલાઓમાં જોવા મળતા સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સર માટે નિયમિત સ્ક્રીનિંગ અત્યંત આવશ્યક છે. 'મેમોગ્રાફી' અને 'પેપ સ્મીયર ટેસ્ટ' જેવા પરીક્ષણો આ દિશામાં રામબાણ સાબિત થઈ શકે છે. પેપ સ્મીયર ટેસ્ટની વિશેષતા એ છે કે તે કેન્સર થવાના ૧૦ વર્ષ પહેલાં જ શરીરમાં થતા પ્રિ-કેન્સરેસ (કેન્સર પહેલાના) ફેરફારોને પકડી પાડે છે, જેથી તેને શરૂઆતમાં જ ખતમ કરી શકાય છે. પશ્ચિમી દેશોમાં નિયમિત સ્ક્રીનિંગના કારણે કેન્સરના મૃત્યુદરમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે, જે મોડેલ આપણે પણ અપનાવવાની જરૂર છે.

કેન્સરના આ સંભવિત 'ટાઇમ બોમ્બ'ની વાટને કાપવા માટે આપણે સામૂહિક અને વ્યક્તિગત સ્તરે જાગૃત થવું પડશે. જેમાં રોજિંદા જીવનમાં વ્યાયામ, યોગ કે ઝડપી ચાલવા જેવી શારીરિક પ્રવૃત્તિઓને સ્થાન આપવું જ પડશે. સ્થૂળતા પર નિયંત્રણ રાખવું એ અડધી બીમારીઓને દૂર રાખવા સમાન છે. ઓર્ગેનિક અને કુદરતી ખોરાક તરફ પાછા વળવું એ સમયની માંગ છે. આહારમાં લીલા શાકભાજી, ફળો અને પૌષ્ટિક તત્વોનું પ્રમાણ વધારવું જોઈએ. ૪૦ વર્ષની ઉંમર પછી પુરુષો અને મહિલાઓ બંનેએ વર્ષમાં એકવાર નિયમિત બોડી ચેકઅપ અને કેન્સર સ્ક્રીનિંગ કરાવવાનો આગ્રહ રાખવો જોઈએ. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કેન્સરના વહેલા નિદાન માટે સસ્તા કે મફત સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન વ્યાપક સ્તરે થવું જોઈએ.

WHO નો આ અહેવાલ આપણને ડરાવવા માટે નહીં, પરંતુ જગાડવા માટે છે. કેન્સર સામેની લડાઈ માત્ર હોસ્પિટલો કે દવાઓ પૂરતી સીમિત નથી, તેની શરૂઆત આપણા ઘર, રસોડા અને આપણી રોજીંદી આદતોથી થાય છે. જો આપણે આજે પણ આપણી સુખ-સાહ્યબી વાળી અને બેદરકાર જીવનશૈલી નહીં બદલીએ, તો આગામી પેઢીને આપણે એક બીમાર ભવિષ્ય ભેટમાં આપીશું. સતર્કતા, નિયમિત કસરત, શુદ્ધ આહાર અને વહેલું નિદાન એ જ આ જીવલેણ રોગને હરાવવાની સાચી ચાવી છે. કેન્સરને હરાવવા માટે સરકારે પણ એટલા જ પગલાઓ લેવા પડશે. કેન્સર નહીં થાય તે માટે જે જાગૃતિ લોકોમાં આવવી જોઈએ તે જાગૃતિ લાવવાની જવાબદારી સરકારની પણ છે. જો સરકાર અને લોકો ભેગા થઈને પ્રયાસો કરશે તો જ કેન્સરને હરાવી શકાશે તે નક્કી છે.

# લવ કુશ મંદિર : ‘આપ’નું રાજકીય ગણિત

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

**આપ પોતાની છબીને 'ધર્મ અને સંસ્કૃતિના રક્ષક' તરીકે રજૂ કરવા માટે લે એ શક્ય છે, જે ચૂંટણીના સમયે ફાયદાકારક સાબિત થઈ શકે છે**

આપની સરકાર માત્ર એક જ રાજ્યમાં છે અને એ છે પંજાબ અને ત્યાં પણ મુખ્યમંત્રી ભગવંત માન વિવાદમાં રહે છે. જો કે, તાજેતરમાં સ્થાનિક ચૂંટણીમાં આપનો ઉત્સાહજનક વિજય થયો હતો. પણ આ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી આવે એ પહેલાં આપ દ્વારા કેટલાંક રાજકીય સમીકરણો બેસાડવાનું શરૂ થઈ ગયું છે અને એમાંનું એક પગલું છે, લવ કુશ મંદિર. પંજાબ સરકાર દ્વારા ભગવાન શ્રી રામના પુત્રો લવ અને કુશના મંદિરના નિર્માણની જાહેરાત એક મહત્ત્વપૂર્ણ નિર્ણય છે. રૂ. ૧૫૦ કરોડના ખર્ચે આ મંદિર બનશે.

આ નિર્ણય પાછળ બે કારણો હોઈ શકે. એક રાજકીય અને બીજું સામાજિક. પંજાબમાં વાલ્મીકિ સમાજની વસતી નોંધપાત્ર છે. લવ-કુશને વાલ્મીકિ સમાજ સાથે ગાઢ રીતે જોડવામાં આવે છે, તેથી આ નિર્ણય ચોક્કસપણે ચોક્કસ સમુદાયને આકર્ષવાનો પ્રયાસ હોઈ શકે છે. આપ પોતાની છબીને 'ધર્મ અને સંસ્કૃતિના રક્ષક' તરીકે રજૂ કરવા માટે લે એ શક્ય છે, જે ચૂંટણીના સમયે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

આ ઉપરાંત સામાજિક અને સાંસ્કૃતિક દૃષ્ટિકોણ પણ હોઈ શકે છે. આ મંદિર લોકોની આસ્થાને સન્માન આપવા અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવાના પ્રયાસ તરીકે પણ જોઈ શકાય છે. ધાર્મિક સ્થળોના નિર્માણથી સ્થાનિક પર્યટનને વેગ મળે છે, જે રોજગારી અને આર્થિક ગતિવિધિઓમાં વધારો કરી શકે છે.

ભારતમાં ધર્મ અને રાજકારણ અતૂટ રીતે જોડાયેલાં છે. કોઈ પણ સરકારી નિર્ણય જે ધાર્મિક સ્મારકો સાથે જોડાયેલો હોય, તેને 'રાજકીય અને સામાજિક-બંને' ઉદ્દેશો ધરાવતું પગલું ગણી શકાય. આપ માટે તે પોતાની વોટ બેંક મજબૂત કરવાનું સાધન છે. સમાજ માટે તે પોતાની સાંસ્કૃતિક ઓળખને મજબૂત કરવાનું માધ્યમ છે.

પણ એ વાત સાવ સાચી છે કે, પંજાબમાં વાલ્મીકિ સમુદાયની વસતી સારી એવી સંખ્યામાં છે. લવ-કુશ મંદિરનું નિર્માણ સીધી રીતે આ સમુદાયની ધાર્મિક ભાવનાઓ સાથે જોડાયેલું છે. સરકાર આવા નિર્ણયો દ્વારા ચોક્કસ સમુદાયોને આકર્ષવા અને તેમની વચ્ચે પોતાની વિશ્વસનીયતા વધારવાનો પ્રયાસ કરે છે, જે ચૂંટણીમાં 'વોટિંગ બ્લોક' તરીકે કામ કરી શકે છે. પંજાબમાં દલિત વસતી અને વિવિધ ધાર્મિક સમુદાયોનું રાજકારણમાં મોટું યોગદાન છે, તેથી સરકાર આવાં પગલાં દ્વારા આ સંતુલન જાળવવાનો પ્રયાસ કરતી હોય છે.

ભાજપ હિન્દુત્વના આધારે સૌથી મોટો પક્ષ બની ગયો છે એટલે બીજા પક્ષો પણ એ તરફ આકર્ષાયા છે. રાજકીય પક્ષો હવે માત્ર વિકાસના મુદ્દાઓ પર જ નહીં, પરંતુ પોતાની ઓળખને 'ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રતીકો' સાથે જોડીને પણ ચૂંટણી લડે છે.

આ મંદિર પ્રોજેક્ટને ભાજપ જેવા પક્ષોના 'હિન્દુત્વ'ના એજન્ડાના જવાબ તરીકે અથવા અન્ય પક્ષો દ્વારા પોતાના 'ધાર્મિક સહિષ્ણુતા' કે 'વારસાના જતન'ના પ્રમાણપત્ર તરીકે જોઈ શકાય છે.

જો જનતા બેરોજગારી, મોંઘવારી કે નશાખોરી જેવા મૂળભૂત મુદ્દાઓથી વધુ પરેશાન હોય, તો માત્ર મંદિર કે સાંસ્કૃતિક સ્મારકોથી ચૂંટણી જીતવી મુશ્કેલ બની શકે છે. ઉપરાંત, મંદિરનું નિર્માણ કેટલી ઝડપથી થાય છે અને તે કેટલું ભવ્ય બને છે, તે પણ મહત્ત્વનું છે. જો ચૂંટણી પહેલાં પ્રોજેક્ટનું કામ સંતોષકારક જણાય તો સરકાર તેને પોતાની મોટી સિદ્ધિ તરીકે રજૂ કરી શકે છે. વિપક્ષી પક્ષો આ મુદ્દાને 'રાજકીય સ્ટંટ' તરીકે ચિતરીને સરકારની નિષ્ફળતાઓને છુપાવવાનો પ્રયાસ ગણાવી શકે છે, જેનાથી મતદારોનાં મંતવ્યો બદલાઈ શકે છે. ટૂંકમાં કહીએ તો, આ પ્રકારના નિર્ણયો ચૂંટણી જીતવા માટેના એક 'ટૂલ' (સાધન) તરીકે કામ કરી શકે છે. તે સીધી રીતે વોટ અપાવે કે નહીં, તે તો સમય જ કહેશે, પરંતુ તે ચૂંટણીના માહોલને 'ધાર્મિક અને ભાવનાત્મક' રંગ આપવામાં ચોક્કસપણે સફળ રહે છે. રાજકારણમાં આવા પ્રોજેક્ટ્સ 'વિકાસ' અને 'આસ્થા' વચ્ચેની પાતળી રેખા પર ચાલતા હોય છે. જોઈએ આપને આ પગલું કેટલું ફળે છે.

પવાર ફરી પાલો બદલશે?

શરદ પવાર ફરી કોઈ મોટો રાજકીય દાવ રમવાના વેંતમાં છે. શરદ પવાર આ માટે જાણીતા છે. એમણે કોંગ્રેસથી માંડી ભાજપ સાથે આવા આશ્ચર્યો સર્જ્યા છે. કોંગ્રેસે એમને ઘર-વાપસી કરવાની ઓફર કરી પણ પવાર રાજી થયા નથી. બીજી બાજુ એ એકનાથ શિંદે અને ભાજપના નેતાને મળ્યા એટલે એ એનડીએમાં જોડાશે એવી વાતો વહેતી થઈ છે. મહારાષ્ટ્રમાં છેલ્લાં બે ચાર વર્ષથી આ જ રમત ચાલે છે. પહેલાં શિવસેનાના બે ઊભા ફાડિયા થયા પછી એનસીપી સાથે પણ એવું જ બન્યું.

શરદ પવારની સ્થાપેલી 'નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી'ના બે ભાગલા તો ક્યારના પડી ગયા છે. અજીત પવાર જૂથ હાલમાં મહારાષ્ટ્રની સત્તાધારી ગઠબંધન સરકાર (જેમાં ભાજપ અને શિવસેના-શિંદે જૂથનો સમાવેશ થાય છે) નો ભાગ છે, જે એનડીએ સાથે જોડાયેલ છે. આમ તો શરદ પવાર ભાજપની વિચારધારાના વિરોધી રહ્યા છે અને ભાજપને એક દગો આપી ચૂક્યા છે. અત્યાર સુધીનાં તેમનાં નિવેદનો અને રાજકીય નિર્ણયો જોતાં, તેમના પક્ષના એનડીએમાં જોડાવાની કોઈ શક્યતા દેખાતી નથી.

પણ શરદ પવારની કાંઈ કહેવાય નહિ. એ ગમે તે કરી શકે છે. અલબત્ત એમણે ચૂંટણી લડવામાંથી પોતાને મુક્ત કરી દીધા છે અને પુત્રીને બાગડોર સોંપી છે. એમનો ભત્રીજો રોહિત પણ મેદાનમાં છે. તો શું આ બધી વાતો અફવા છે કે, પવાર પાલો બદલશે? કે પછી પવાર ફરી શિંદે કે પછી ભાજપ કે પછી એનડીએ સાથે કોઈ ખેલો કરવા માગે છે? જો કે, ભાજપ અને મોદી-શાહ પવારને બરાબર જાણે છે. ભૂતકાળનો દાખલો છે અને એમાંથી બોધપાઠ લીધો જ હોય અને પવાર હવે ખેલો કરી શકે એવી રાજકીય સ્થિતિમાં છે નહિ. કોંગ્રેસમાં જવાથી એમનો કોઈ તાત્કાલિક રાજકીય ફાયદો થઈ શકે એમ નથી.

તો શું ભાજપમાં જવાથી ફાયદો થાય? હા, જેમ એકનાથ શિંદેના જૂથને મળ્યા એવા લાભ પવાર જૂથને મળી શકે છે. કેટલાકને મંત્રીપદ મળી શકે છે. મહારાષ્ટ્ર અને દિલ્હીમાં. પવારે અત્યાર સુધી પોતાની વ્યક્તિગત ઓળખ જાળવી છે. મહારાષ્ટ્રના રાજકારણના એ બાહુબલી રહ્યા છે. શું એ એનડીએ સાથે જશે? આનો જવાબ સરળતાથી મળે એમ નથી. પણ મહારાષ્ટ્રમાં કૈંક રંધાઈ તો રહ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## સરજુબાઈની ગુરુભક્તિનો મહિમા



સરજુબાઈ ભગવાન શ્રીકૃષ્ણની અનન્ય ભક્ત હતી. તેમના હૃદયમાં ઠાકોરજી સિવાય બીજું કંઈ જ નહોતું. દિવસ-રાત તેઓ ભગવાનનાં સ્મરણ, ભજન અને સેવામાં લીન રહેતાં.

એક દિવસ તેમના ગુરુદેવ તેમના ઘરે પધારવાના હતા. આ વાત જાણીને સરજુબાઈ આનંદથી ઝૂમી ઊઠી. તેમણે પોતાના ગુરુના સ્વાગત માટે સુંદર તૈયારી શરૂ કરી.

પરંતુ એ દિવસે ભગવાન શ્રીકૃષ્ણે તેમની ભક્તિની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. ગુરુદેવ જ્યારે તેમના ઘરે આવ્યા ત્યારે ઠાકોરજી પણ તેમની સાથે જ પધાર્યા.

હવે સરજુબાઈ એક દ્વિધાની સ્થિતિમાં મુકાઈ ગઈ. એક તરફ તેમના આરાધ્ય ભગવાન શ્રીકૃષ્ણ ઊભા હતા અને બીજી તરફ તેમના પૂજ્ય ગુરુદેવ.

પ્રથમ સ્વાગત કોનું કરવું?

એક ક્ષણ માટે પણ વિચાર કર્યા વગર સરજુબાઈ આગળ વધ્યાં. તેમણે પ્રેમથી ઠાકોરજીનો હાથ પકડી લીધો અને હળવેથી કહ્યું:

‘પ્રભુ, ચાલો... પહેલાં મારા ગુરુદેવનું સ્વાગત કરીએ.’

ભગવાન શ્રીકૃષ્ણ સ્મિત કરીને બોલ્યા:

‘સરજુબાઈ! આ શરીર મેં આપ્યું, આ જીવન મેં આપ્યું, આ હૃદય મેં આપ્યું, આ આત્મા પણ મેં આપ્યો. તો પણ તું મારા પહેલાં તારા ગુરુનું સ્વાગત કરે છે?’

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

સરજુબાઈએ નમ્રતાપૂર્વક હાથ જોડ્યા અને ઉત્તર આપ્યો:

‘હે પ્રભુ! આપનું કહેવું સત્ય છે. આ જીવન, આ શરીર, આ મન, આ આત્મા–બધું આપનું જ દાન છે. પરંતુ આ બધાનો ઉપયોગ કેવી રીતે કરવો, આપને કેવી રીતે પ્રેમ કરવો, આપની ભક્તિ કેવી રીતે કરવી, આપને કેવી રીતે પ્રસન્ન કરવા–એ મને મારા ગુરુદેવે શીખવ્યું છે.

આપે મને જીવન આપ્યું છે, પરંતુ એ જીવનને આપનાં ચરણોમાં સમર્પિત કરવાની કળા મારા ગુરુએ શીખવી છે. તેથી મારા માટે ગુરુનું સ્થાન સર્વોચ્ચ છે.’

ભગવાન શ્રીકૃષ્ણ આ ઉત્તર સાંભળીને પ્રસન્ન થઈ ગયા. તેમણે સરજુબાઈને આશીર્વાદ આપ્યા અને કહ્યું:

‘જે ભક્ત પોતાના ગુરુને આટલું માન આપે છે, તે ખરેખર મને જ માન આપે છે. કારણ કે ગુરુ જ મારા સુધી પહોંચવાનો સેતુ છે.’

આ કથા શીખવે છે કે ભગવાન સુધી પહોંચવાનો માર્ગ ગુરુ બતાવે છે. ભગવાન જીવન આપે છે, પરંતુ તે જીવનને પરમાત્માની દિશામાં વાળવાનું કાર્ય ગુરુ કરે છે. તેથી સનાતન પરંપરામાં ગુરુને ભગવાન સમાન જ નહીં, પરંતુ ભગવાન સુધી પહોંચાડનાર તરીકે વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે.

# અયોધ્યા દાનચોરી કૌભાંડ: તંત્ર દ્વારા ભક્તોની આસ્થા કેવી રીતે પુનઃસ્થાપિત કરવી

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

**દાનચોરીનો પર્દાફાશ થયા પછી હવે તેઓ રામમંદિરના નિર્માણ અને સંચાલનમાં નિઃસ્વાર્થ સેવા આપી હોવાના નામે ઉચ્ચ નૈતિક ભૂમિકા લેવાનો પ્રયાસ કરી રહ્યા છે**

બાબરી મસ્જિદને તોડી પાડવા માટે રામ જન્મભૂમિ આંદોલનના ભાગરૂપે અયોધ્યા કૂચ કરવા માટે ૧૯૯૦માં હરિદ્વાર સંમેલનમાં વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી) દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો તે દિવસથી જ, તે તોડી પાડવાથી લઈને ભવ્ય મંદિરના નિર્માણ અને ત્યાર બાદ તેનાં કાર્યો ચલાવવા સુધી વીએચપી જ મોખરે રહ્યું છે. વીએચપી એ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની એક વિશ્વસનીય પાંખ હોવાથી એ વાતમાં કોઈ આશ્ચર્ય નથી કે સુપ્રીમ કોર્ટના આદેશથી કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલ ' રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ' આરએસએસ-વીએચપીના નામાંકિત સભ્યોથી ભારે પ્રમાણમાં ભરેલું છે, જેમાંના કોઈની પણ પાસે મંદિરના કામકાજો ચલાવવાનો અનુભવ નથી, જેમાં ભક્તો દ્વારા આપવામાં આવેલા વિશાળ દાનનું સંચાલન અને સુરક્ષા કરવાનો પણ સમાવેશ થાય છે.

ગેરરીતિઓ અને નાણાંકીય હેરાફેરીનો પર્દાફાશ કરવામાં કોણે ભૂમિકા ભજવી તે અપ્રસ્તુત છે, તેઓ પ્રશંસાને પાત્ર છે કારણ કે આ સીધું જ આસ્થાના રક્ષણ સાથે જોડાયેલું છે. આ પરિણામ ટ્રસ્ટીઓ અને તેમના નજીકના સહયોગીઓ દ્વારા મંદિરના કામકાજોમાં બિનવ્યાવસાયિક રીતે કામ કરવાને કારણે આવ્યું છે. વધુ ગંભીર બાબત એ છે કે, ટ્રસ્ટના ટોચના વડાઓ જેમ કે તેના જનરલ સેક્રેટરી અને વીએચપીના દિગ્ગજ નેતા ચંપત રાય, ટ્રસ્ટના જ કેટલાક કાર્યકર્તાઓ દ્વારા જાણ કરવામાં આવ્યા પછી આ નાણાંકીય કૌભાંડ, ચડાવો ચોરાઈ જવા અને હડપી લેવા અંગે વાકેફ હોવાનું કહેવાય છે. વિરોધાભાસ એ છે કે, તેમણે આ ફરિયાદોને અવગણી અને આંખ આડા કાન કર્યા, જેનાં કારણો તેઓ ખુદ વધુ સારી રીતે જાણતા હશે.

આ પહેલાં રામમંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રા, જેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના શક્તિશાળી ભૂતપૂર્વ અમલદાર છે, તેમણે મંદિરના દાનમાં ગંભીર ગેરરીતિઓ સ્વીકારી હતી. તેમણે આ મુદ્દાને ‘ખુલ્લી લૂંટ’ અથવા ‘ડકૈટી’ તરીકે વર્ણવ્યો હતો જેણે ભક્તોની આસ્થાને ઊંડો આઘાત પહોંચાડ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, તેમણે જાહેરમાં આ કલંકિત ઘટનાથી ખુદને અલગ કરી દીધી છે.

આ કૌભાંડ કયા કારણે બહાર આવ્યું? શું તે ગેરવહીવટ હતો કે પછી રાય અને તેમના સાથીઓનું વર્તન હતું, જેવું કે ટ્રસ્ટના કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદ દેવ ગિરિ સહિતના કેટલાક ટ્રસ્ટીઓએ પણ જણાવ્યું છે, જેના કારણે આ કટોકટી સર્જાઈ? આરએસએસ અને વીએચપીના ટોચના નેતાઓ કેમ મૂક પ્રેક્ષક બની રહ્યા, એવું કહેવાય છે કે તેઓ મંદિર સંબંધિત આ ઘટનાક્રમોથી વાકેફ હતા? અને વધુ મહત્ત્વની વાત એ છે કે, શું પડદા પાછળથી દોરીસંચાર કરનારા કેટલાક વધુ શક્તિશાળી હાથ હતા?

આ પ્રશ્નો જવાબોની રાહ જોઈ રહ્યા છે. આ કટોકટીનું મૂળ કારણ મંદિરની બાબતોનું સંચાલન કરતું સંપૂર્ણપણે કેન્દ્રીયકૃત અને અપારદર્શક તંત્ર હોય તેવું લાગે છે, જેમાં કૌભાંડ બહાર આવ્યા પછી પણ કોઈ નૈતિક જવાબદારી લેવા તૈયાર નથી.

. એ વાતનો કોણ ઇનકાર કરી શકે કે ૧૯૯૦ પછી ભગવા પક્ષની રાજકીય ચડતી, જેના કારણે પહેલાં અટલબિહારી વાજપેયી અને પછી નરેન્દ્ર મોદી સરકારોની રચના થઈ, તે માત્ર રામમંદિર મુદ્દાના રાજકીયકરણને કારણે જ શક્ય બની છે. અન્ય કોઈ નહીં પરંતુ ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન એલ. કે. અડવાણીએ દાયકાઓ પહેલાં એક રાષ્ટ્રીય દૈનિકમાં તેમના લેખોમાં સ્વીકાર્યું હતું કે, કોંગ્રેસના આ દિશાના પ્રયાસોને નિષ્ફળ બનાવવા અને અંતે રાજકીય લાભ માટે તેનો (રામમંદિર નિર્માણનો) ઉપયોગ કરવા માટે પક્ષે આ મુદ્દા પર ભાર વધારવો પડ્યો હતો.

રાય અને અન્ય ટ્રસ્ટીઓના ‘ત્યાગ, તપસ્યા, પ્રામાણિકતા અને સાદગીપૂર્ણ જીવનશૈલી’ના ગુણોની વાતો કરવાથી, જેની આડમાં વ્યાપક સંઘ પરિવારનાં વર્તુળો તેમને ક્લીન ચિટ આપવા માંગે છે, તેમનો આ ગુનો ઓછો નહીં થાય કે જેણે રામમંદિરને ગંભીર કટોકટીના મોખરે ધકેલી દીધું છે. જો શક્તિશાળી અને પ્રભાવશાળી લોકો પણ સામેલ જણાય તો તેમને જવાબદાર ઠેરવવા જ જોઈએ અને તે મોટાં માથાંઓ સામે કડક કાર્યવાહી થવી જ જોઈએ.

સૌથી ઉપર, તેમણે ગેરવહીવટ માટે સાર્વજનિક રૂપે નૈતિક જવાબદારી સ્વીકારવી જ જોઈએ. ભ્રષ્ટાચાર માત્ર નાણાંકીય લાભનો જ નથી હોતો, પરંતુ તે મિલીભગત, જાણી-જોઈને અથવા અજાણતાં દોષિતોને બચાવવા અને ઘોર અક્ષમતાનો પણ હોય છે. આ તમામ પરિબળો મોટા પાયે કામ કરી ગયા હતા, જે અત્યાર સુધી જાહેર જનતાની નજર સમક્ષ આવેલી હકીકતો પરથી સ્પષ્ટ થાય છે. રાય અને અન્ય ટ્રસ્ટીઓ કદાચ ભૂલી ગયા કે, તેઓ માત્ર લોકોની આસ્થાના રક્ષક નહોતા, પરંતુ વધુ મહત્ત્વની વાત એ છે કે ભગવાન રામની ભૂમિ સહિત મંદિરની પ્રતિષ્ઠાના રક્ષક હતા. તેઓ આ બંને મોરચે ભૂલ કરી બેઠા હોય તેવું લાગે છે અને તેમણે આની ભારે કિંમત ચૂકવવી જ પડશે.

ભગવાન રામના નામે થયેલી ગેરરીતિના મુખ્ય મુદ્દા પર ચૂંટણી રાજકારણનો પડછાયો ન પડવા દેવો જોઈએ. ભારતમાં અન્યત્ર પૂજાસ્થાનો પર બનેલી આવી જ ગેરરીતિઓ સાથે આની તુલના કરીને અથવા તેને અલગ કરીને આ મુદ્દાને ટાળી શકાય નહીં.

આરએસએસ અને તેની રાજકીય પાંખ ભાજપ પણ રામમંદિર કૌભાંડને દબાવવાને બદલે તેને લોકો સમક્ષ લાવીને એક ઉત્કૃષ્ટ સેવા કરશે. તેમના વફાદારોથી ભરેલા ટ્રસ્ટનાં દુષ્કર્મો માટે અન્ય જગ્યાએ દોષનો ટોપલો ઢોળવાને બદલે તેઓએ મુશ્કેલીનો સીધો સામનો કરવો જોઈએ.

કદાચ ટ્રસ્ટના સભ્યો જેમ કે રાય પ્રાચીન કહેવત ભૂલી ગયા: ‘સીઝરની પત્ની શંકાથી પર હોવી જોઈએ’. જો તેઓ એવું વિચારતા હોય કે રામમંદિર તેમની જાગીર છે અને તેઓ કોઈના પ્રત્યે જવાબદાર નથી, તો તેઓ ભારે ભ્રમમાં છે. એક વ્યવસ્થા અસ્તિત્વમાં છે અને સૌથી ઉપર તેઓ ભગવાન રામના અસંખ્ય ભક્તોની દેખરેખ હેઠળ હતા અને છે, જેમણે તેમની આસ્થાના વિશ્વાસઘાત માટે જવાબદારી અને સજાની માંગ કરતો અવાજ ઉઠાવવો જ જોઈએ.

ટ્રસ્ટ ઉપરાંત, કેન્દ્ર અને યુપી બંને સરકારોની પ્રતિષ્ઠા અને વિશ્વસનીયતા પણ સવાલોના ઘેરામાં છે. તેમની વિશ્વસનીયતા બચાવવાનો એકમાત્ર રસ્તો એ છે કે તમામ પાસાઓને આવરી લેતી અને તેમના સૌથી પ્રિય કે શક્તિશાળી લોકોને પણ ન છોડતી એક સ્વતંત્ર, નિષ્પક્ષ અને સંપૂર્ણ તપાસ મંદિરની બાબતોમાં કરવામાં આવે. આ માટે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની તપાસ સૌથી શ્રેષ્ઠ માર્ગ રહેશે.

અહીં દાવ પર લોકોનો વિશ્વાસ છે - તેમના ચૂંટણીલક્ષી મૂલ્યના સંદર્ભમાં પણ અને ભગવાન રામના ભક્તો તરીકે પણ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### જીવનને યોગ્ય રીતે જીવવાનો બોધપાઠ એટલે સેવા!

માનવીની વર્તમાન જીવન શૈલી પરથી કહી શકાય છે. વર્તમાન યુગ ભલે વિજ્ઞાન અને ટેકનોલોજીનો હોય પણ સાચી ઓળખ માનવીના વર્તન અને માયાજાળ વચ્ચે પોતાના આત્માને કેટલો ક્યાં ઢાળ આપી શકે તેના પરથી કહી શકાય છે. ધર્મ અને કર્મ સમજ્યો છે. ખરા અર્થમાં ભારત પરા પૂર્વ થી સંસ્કૃતિનો સંદેશ આપતો રહ્યો છે.

પ્રાચીન સમયમાં પ્રમાણિકતાનું બોધ આપતું ભારત મોહેંજો દડોની ગટર લાઈન વાવ કુવા વગેરે ત્યાર પછીની ઓળખ એટલે અંગ્રેજો તેમણે નગર તરીકે પ્રથમ પસંદગી ઉતારી હોય તો તે મુંબઈ મદ્રાસ કોલકાતા અને સુરત છે. પણ વિકસિત ભારતમાં આજે નગરો ભ્રષ્ટાચારની ચરમશીમાએ પહોંચ્યા છે. કડવી વાસ્તવિકતા એ છે કે રસ્તાનાં આ ઘરેણાં હાડકા આંતરડા કે ફેફસાં રૂપે રસ્તાનું ચોક્કસ પ્રકારનું સ્ટ્રક્ચર વેર વિખેર થઈ જાય છે.તેનું મુખ્ય સેન્ટર કહી શકાય તો નકલી કચેરી નકલી કર્મચારી નકલી શાળા નકલી ડિમોલેશન નકલી સરકારી ઓર્ડર નકલી કોર્ટ નકલી જજ નકલી પીએમઓ અને સીએમઓ નકલી પોલીસ જેની ફળશ્રુતિ રૂપે આજના નાગરિકો રસ્તા પર ગાડી લઈને હર્ષથી નીકળે છે પરંતુ ચોમાસાના પહેલા વરસાદે જ નાગરિકો ત્રાહિમામ પોકારે છે. સત્તામાં બેઠેલા નાગરિકો સુધી કેમ પહોંચતો નથી.જનતા દુઃખ પોકારે છે અને નેતાઓ મૌન છે.

**સુરત - હરિશ ચૌધરી**

### અનોખું તીર્થ ક્ષેત્ર

નવસારીમાં આવેલી સયાજી વૈભવ લાયબ્રેરી એક તીર્થ ક્ષેત્રથી કમ નથી. કારણ કે અહીં પુસ્તકો તો વાંચકોને વાંચવા માટે મળે જ છે પરંતુ ઉનાળુ વેકેશન દરમિયાન વેકેશન વાચકોત્સ્વ શીર્ષક હેઠળ અનેક વિદ્યાર્થીઓ માટે વર્કશોપ કરવામાં આવે છે. આ અખા વેકેશન દરમિયાન કેટલાય બાળકોનું ઘડતર કરવામાં આવે છે, જુદા જુદા નિષ્ણાતોને બોલાવીને વર્કશોપ કરવામાં આવે છે. આમાં લગભગ ૨૦૦થી વધુ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ લાભ મેળવે છે.આ બધી પ્રવૃતિઓ નિઃશુલ્ક કરવામાં આવે છે. પુસ્તકાલયના આ પ્રયત્નો થકી હજારો બાળકોએ આ વર્કશોપમાં ભાગ લીધો છે.આ ઉપરાંત યુવા વાર્તાલાપ પણ યોજવામાં આવે છે. જે આખા વર્ષ દરમિયાન ચાલે છે. યુવા વર્ગ માટે નોકરી લક્ષી પરિક્ષાની તૈયારી માટે પુસ્તકો પણ આપવામાં આવે છે. તેમજ કારકિર્દી અંગેના માર્ગ દર્શન પણ આપવામાં આવે છે. નવસારીની આ લાયબ્રેરી ગુજરાતમાં તો પ્રથમ ક્રમે રહી ઈનામો મેળવે જ છે પરંતુ તેની પ્રવૃતિઓ દેશની ભાગ્યે જ કોઈ લાયબ્રેરી આવા કાર્યો કરતી હશે. આ પુસ્તકાલય દ્વારા સમાજના બાળકોના ઘડતરના કાર્યો થઈ રહ્યા છે તે એક સારી બાબત છે. આ પુસ્તકાલયમાં વાચકો પણ સતત વધી રહ્યા છે. સંસ્થા દ્વારા સારા કાર્યો પણ કરી શકાય છે તેનું ઉત્તમ ઉદાહરણ નવસારીની સયાજી લાયબ્રેરી અને નરેન્દ્ર પારેખ જ્ઞાનધામ છે.

**નવસારી - હિતેન્દ્ર ટેલર**

### માનવ સર્જિત આફત

એક સમયનું નાનકડું સુરત બંદરગાહ વેપારનું જાણીતું કેન્દ્ર હતું. સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરપૂર આ શહેરના લોકો માયાળુ, દયાળુ અને સૌને પ્રેમથી આવકારનારા હતા. સહુ સાથે હળીમળીને રહેવાનો તેમનો સ્વભાવ જ સુરતની સાચી ઓળખ હતો. કહેવાય છે કે જ્યાં અપનાવવાની વૃત્તિ હોય ત્યાં જ વિકાસ પાંગરે છે. ધીમે ધીમે સુરતનો વિકાસ એટલો ઝડપી બન્યો કે દેશના કોઈપણ ખૂણેથી રોજગારની શોધમાં આવનાર વ્યક્તિ અહીં કાયમી વસવાટ કરવા લાગી. વધતી વસ્તી સાથે શહેરની સીમાઓ સતત વિસ્તરતી ગઈ. આસપાસનાં ગામડાં, ખેતીની જમીનો, કૂવાઓ, તળાવો, નહેરો અને કુદરતી જળમાર્ગો ધીમે ધીમે રહેણાંક, વેપારી અને ઔદ્યોગિક વિસ્તારોમાં પરિવર્તિત થઈ ગયા. જ્યાં થોડી પણ ખુલ્લી જમીન દેખાઈ ત્યાં પ્લોટ પાડી બાંધકામ થવા લાગ્યાં. વિકાસની દોડમાં કુદરતી પાણીના નિકાલના માર્ગો અને પર્યાવરણના સંતુલનને પૂરતું મહત્વ આપવામાં આવ્યું નહીં. પરિણામે, પ્રથમ જ વરસાદમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે અને સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. આવી સ્થિતિમાં માત્ર કુદરતને કે કોઈ એક તંત્રને જવાબદાર ઠેરવવું યોગ્ય નથી. આ પરિસ્થિતિ મોટા ભાગે માનવસર્જિત છે. અનિયંત્રિત વિકાસ, દૂરંદેશીના અભાવ, બેજવાબદાર આયોજન અને કુદરતી સંસાધનો પર થયેલા આડેધડ દબાણના કારણે આજે વરસાદ આપત્તિ સમાન અનુભવાય છે. વિકાસ જરૂરી છે, પરંતુ કુદરત સાથે તાલમેલ જાળવીને થતો વિકાસ જ સાચો વિકાસ કહેવાય. નહીં તો સુવિધાઓ વધશે, પરંતુ સાથે માનવસર્જિત આફતો પણ વધતી રહેશે.

**સુરત - સીમા પરીખ**

### મહાયુદ્ધના મંડાણ વિશ્વના હિતમાં નથી

વિશ્વ માં યુદ્ધ નો ઈતિહાસ જોતાં જણાય છે કે મહાભારત નું યુદ્ધ થયું તેમાં જે તે સમયે કુદરતી સંસાધનો કે અન્ય વસ્તુ નો વિનાશ નોતર્યો ન હતો. હાલમાં ચાલી રહેલા યુદ્ધ મા માનવ જીવન જે વસ્તુ પર નિર્ભર છે તેનો વિનાશ થઈ રહ્યો છે જે વિશ્વના હિતમાં નથી. કેટલી મહા મહેનતે ટેક્નોલોજી વિકસાવી છે જેનો એક ઝાટકે વિનાશ કરવો યોગ્ય નથી. કોઈપણ બાબતનો શાંતિ પૂર્ણ ઉકેલ લાવવો જોઈએ.

મહા યુદ્ધ ને થતું રોકવા માટે વિશ્વ કક્ષાએ મંત્રણા યોજવી જરૂરી છે. યુદ્ધ ના કારણે વિશ્વ 100 વર્ષ પાછળ જશે. વિકાસ ને માથી અસર પડશે. જે વસ્તુઓનો વિનાશ થયો છે તે ફરી પાછી મેળવતા સમય ચાલ્યો જશે. વિશ્વમાં બેકારી, મોઘવારી અને અર્થતંત્ર નબળું પડશે. યુદ્ધ ના લીધે અંતે તો દરેક દેશોને નુકશાન વેઠવું પડશે. માટે મહા યુદ્ધ ને થતું અટકાવવા તાત્કાલિક ઉકેલ લાવવા માટે વિશ્વના તમામ દેશો ઈરાન અને અમેરિકા સાથે મંત્રણા યોજવાની કાર્યવાહી કરવી જોઈએ.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

### તળાવ બચાવો અભિયાન

નદી, ઝરણાં, તળાવ, કૂવા, ભૂગર્ભ જળ, વાવ, કોતરણી કે સમુદ્ર આ તમામ કુદરતી જળ સ્રોત છે. દેશની નૈસર્ગિક સંપત્તિ છે, જેને તેના મૂળ સ્વરૂપ સ્થિતિમાં જાળવી રાખવાનું કામ સ્થાનિક સરકારનું છે. એવું સુપ્રીમ કોર્ટે કહ્યું છે, વારંવાર વખતોવખત! પરંતુ અફસોસ વિકાસની ઘટમાળ વચ્ચે નવસારીના ‘શરબતિયા તળાવ’ ને તેની મૂળ વિસ્તારની સ્થિતિમાંથી બદલીને, ખાબોચિયા જેવું કરી નાખવામાં આવ્યું અને ફરતે સિમેન્ટનું બાંધકામ, ફુડ કોર્ટ અને સુવિધાઓના નામે વિકાસ કરવામાં આવી રહ્યો છે, વરસાદના એક ઝટકાએ તંત્રને બેદરકારીભરેલા નિર્ણય સામે લાચાર બનાવી દીધું! રૂપિયા ચાર કરોડના ખર્ચે ચાર મહિના પહેલાં થયેલ બાંધકામને તોડીને રસ્તા ઉપર ભરાયેલું વરસાદી પાણી ને આ શરબતિયા તળાવમાં ઊતારવું પડ્યું! કેવો વિકાસ? કેવું આયોજન? હજુ ચોમાસું માથે છે. નવસારીનું શરબતિયા તળાવ જે કુદરતી જળ સ્રોત છે તે તેની મૂળ સ્થિતિમાં જળવાઈ રહે તે અંગે કાનૂની લડત તો ચાલુ છે જ! પરંતુ લોકજાગૃતિ આવે અને શહેરીજનોને સ્વચ્છ પાણીના પૂરતા સંગ્રહવાળું તળાવ અને તેની ફરતે બેસવાના બાંકડાઓ અને ઝાડ, પાન, ફળ, ફૂલના કુદરતી ઝૂમખાં મળી રહે તે અંગે નવસારીનાં ત્રણ લાખ લોકોએ પહેલ કરીને આગળ આવવું જ પડશે.તો અને તો જ નવસારી મહાનગરપાલિકામાં સમાવિષ્ટ અન્ય ગામના તળાવ અને તેની મૂળ સ્થિતિ જળવાયેલી રહેશે અને પર્યાવરણ સુરક્ષિત રહી શકશે. ભારતના બંધારણે આપણને આપેલા મૂળભૂત અધિકારોની સાથે આ એક મૂળભૂત ફરજની વાત દરેકે સમજવી પડશે.

**નવસારી - રાજન જોશી**